# ન્યુ ગાંધીનગર બન્યું મચ્છરોની ફેક્ટરી







## સર્વેલન્સ ૨૬૦૦થી વધુ મકાનોનું કરાયું જેમાં ૧૪૦ સ્થાનોએથી બ્રિડીંગ મળ્યા : આ વિસ્તારમાં સતત કેસો નીકળતા હોવાથી તંત્ર દ્વારા તાલુકાનો સમગ્ર સ્ટાફ સર્વેલન્સ માટે ઉતારાયો

ગાંધીનગર, તા. ૩૦

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આવેલ વૈભવી ફ્લેટ્સ અને અન્ય એપાર્ટમેન્ટસમાં આજે જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો ત્રાટકી હતી. ૨૬૦૦થી વધુ મકાનોના કરાયેલા સર્વેલન્સમાં ૧૪૦ જેટલા સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે કેટલીક સોસાયટીના ચેરમેનો અને અન્ય હોદેદારોને આ બ્રિડીંગ દૂર કરવા માટે લેખિતમાં નોટીસ પણ આપી છે. તંત્રની ટીમે આજે સર્વેલન્સ દરમ્યાન એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી પણ કરી હતી. આ વિસ્તારમાંથી અત્યાર સુધીમાં ૨૫થી વધુ મેલેરિયાના અને સાતથી વધુ ડેન્ગ્યુના કેસ મળી આવ્યા હોવાનું બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાંથી સતત છુટાછવાયા ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો નીકળતા રહેતાં હરકતમાં આવેલ જિલ્લા મેલેરિયા તંત્રએ આજે તાલુકાના ૩૪ વર્કરો અને ૮ સુપરવાઈઝરોની ટીમો બનાવી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ શરૂ કર્યુ હતું.

ટીમ દ્વારા આજે કરાયેલ સર્વેલન્સમાં સ્વાગત રેઈન ફોરેસ્ટમાં ૩૫ જગ્યાએથી બ્રિડીંગ, સુવાસીની હોમ્સ ખાતે ૧૩ જગ્યાએ, શુભ કેન્ડીક ખાતે ૧૨ જગ્યાએ, સિદ્ધિદાતા આસ્થામાં ૧૧ જગ્યાએ, સોપાનમાં ૧૦ જગ્યાએ, શુકન સિલ્વરમાં ૧૪ જગ્યાએ ઉપરાંત પ્રાર્થના ગ્રીન્સ તેમજ અન્ય એપાર્ટમેન્ટ્સમાંથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા હતા.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પછી આ બીજીવાર તંત્ર દ્વારા તાલુકાના તમામ વર્કરોને સર્વેલન્સની કામગીરી માટે બોલાવવામાં આવ્યા છે. આ વિસ્તાર અત્યંત સંવેદનશીલ વિસ્તાર બન્યો હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સર્વેલન્સ દરમ્યાન કેટલાક મકાનો ઘણા સમયથી બંધ હોવાને કારણે તેની બાલ્કનીમાં પણ વરસાદી પાણી ભરાઈ રહેલા જણાયા હતા. આ ઉપરાંત વિવિધ બારીઓના છજા, પક્ષીકુંજ, કુંડાની નીચેની ટ્રે, ધાબા ઉપર કેમ્પસમાં વરસાદી પાણીના ખાબોચિયા જોવા મળ્યા હતા. ચોંકી ઉઠેલા તંત્રએ સોસાયટીના હોદ્દદારોને બોલાવી આ અંગે સત્વરે કાર્યવાહી કરવા પણ જણાવ્યુ હતુ.

કેટલાક સ્થાનો પર તો સોસાયટીના સંચાલકોએ હાથ ઊંચા કરી લીધા હતા તો ક્યાંક ગુડાને કહો ને કે અહિથી પાણીનો નિકાલ કરવાની વ્યવસ્થા કરે જેવી દલીલો પણ કરતા જોવા મળ્યા હતા.

તંત્ર દ્વારા આજે જે રીતે સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે અને લોકોને સહકાર આપવા અપીલ પણ કરાઈ છે.

(અનુ. સાતમા પાને)

# આજે ટાઉનહૉલમાં સંગીતમય સંસ્કૃત સ્ત્રોત્ર ગાનનો નવતર કાર્યક્રમ

ગાંધીનગર તા ૩૦

પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જામે છે. ભોળાનાથની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકો જળાભિષેક અને બિલી પત્ર અર્પણ કરી શિવજીની કૃપા અર્ચના મેળવવા માટે વિશેષ પુજાવિધિ કરી રહયા છે. ત્યારે રાજય સંગીત નાટક અકાદમી દ્વારા પણ પવિત્ર મહીનાને ધ્યાને લઈ ભાષા, ભક્તિ અને સંગીતના સમન્વય સાથે સ્ત્રોત્ર ગાનનો કાર્યક્રમ યોજાશે.શ્રાવણના પવિત્ર મહીના દરમિયાન ઋષિઓ રચિત મધુર સ્ત્રોત્રના સંગીતમય ગાનના એક અનોખા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા આજે સે-૧૭ ટાઉનહોલ ખાતે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સંગીતમય સંસ્કૃત સ્ત્રોત્રગાનના કાર્યક્રમનુ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યુ છે. સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જે એમ ભટ્ટના જણાંવ્યા મુજબ દેવભાષા સંસ્કૃતનુ વિશેષ મહત્વ છે. જયારે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં આદ્ય શંકરાચાર્ય થી લઈને ઋષિઓ મુનિઓ દ્વારા રચિત મધુર સ્ત્રોત્રનુ સંગીતમય ગાન સંદિપની વિદ્યાનિકેતન પોરબંદરના ઋષિકુમારો દ્વારા કરવામાં આવશે.

# ગાંધીનગરમાં નવું પાસપોર્ટ સેવા કેન્દ્ર

**વિદેશ મંત્રીએ ગાંધીનગરમાં યોજાયેલી આઉટરીય કોન્ફરન્સમાં રાજયમાં સાબરકાંઠા, અમરેલી, સુરેન્દ્રનગર અને બારડોલી સહીત પાટણમાં આ પ્રકારના પાસપોર્ટ સેવા કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરી : રાજય સરકારની દરખાસ્તનો સ્વીકાર સંદર્ભે વિદેશ રાજયમંત્રીએ ત્વરિત નિર્ણય લીધો**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર ખાતે યોજાયેલી એક આઉટરીય કોન્ફરન્સ દરમિયાન વિદેશ રાજયમંત્રીએ ગાંધીનગરમાં નવા પાસપોર્ટ સેવા કેન્દ્ર ખુલ્લા મુકાવાની જાહેરાત કરી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં ૬ નવા પાસપોર્ટ સેવા કેન્દ્રો શરૂ કરવાની રાજય સરકારની દરખાસ્ત કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો છે. જેમાં ગાંધીનગર ઉપરાંત પાટણ , સાબરકાંઠા , અમરેલી ,સુરેન્દ્રનગર અને બારડોલી ખાતે નવા કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ગાંધીનગરમાં પાસપોર્ટ માટે અત્યાર સુધી કોઈ કેન્દ્ર કાર્યરત ન હોવાના લીધે સ્થાનિક નાગરિકોએ અમદાવાદ સુધી ધક્કા ખાવા પડતા હતા. જયારે હવે કેન્દ્ર કાર્યરત કરવાનો નિર્ણય લેવાતા નગરજનોની પાસપોર્ટ અરજીનો અહીંથી જ નિકાલ આવી જશે.

ગાંધીનગર ખાતે યોજાયેલી એક આઉટરીય કોન્ફરન્સનુ ઉદઘાટન કરતા વિદેશ રાજયમંત્રી એમ જે અકબરે ૨૧ મી સદીને સેન્ચુરી ઓફ પ્રોસ્પેરિટી ગણાવી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે પરિવર્તન વિના ટકવુ હવે મુશ્કેલ છે. જયારે ટેકનોલોજીના સહારે જે બદલાવ આવ્યો છે તેની નોંધ લઈ હવે દસ બાર દિવસમાં પાસપોર્ટ હાથમાં આવી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે આવકારદાયક બદલાવ હોવાનુ જણાંવી ગુજરાતમાં નવા પાસપોર્ટ સેવા કેન્દ્રો શરૂ કરવાના મામલે પણ તેમણે નવી જાહેરાત કરી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે ગુજરાત સરકારની દરખાસ્તનો સ્વિકાર કરીને ગુજરાતમાં ૬ નવા પાસપોર્ટ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. જેમાં ગાંધીનગર ,પાટણ, સાબરકાંઠા, અમરેલી, સુરેન્દ્રનગર અને બારડોલીનો સમાવેશ થાય છે. નવા પાસપોર્ટ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવાતા આ શહેરોમાં વસતા નાગરિકો માટે ઘર આંગણે જ પાસપોર્ટની કામગીરી પુર્ણ થઈ જશે. જયારે પાસપોર્ટ સંદર્ભે કોઈપણ પ્રકારની કામગીરી માટે દુર જવુ નહીં પડે. હવે ગાંધીનગરમાં જ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરાતા કામગીરી સરળ બનવાની સાથે નાગરિકોને પણ રાહત મળશે.

# પાટણના સાંસદ લીલાધર વાઘેલાને ગાયે શિંગડું મારતાં ઈજા પહોંચી

ગાંધીનગર, તા. ૩૦

પાટણના સાંસદ લીલાધર વાઘેલા સૅક્ટર-૨૧માં પોતાના નિવાસસ્થાન પાસે ગાયને રોટલી ખવડાવવા જતા હતા ત્યારે ગાયે શિંગડું મારતાં તેમતને પાંસળીના ભાગમાં ઈજાઓ પહોંચી છે.

આ ઘટના બાદ તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે લવાયા હતા. જો કે મોડી સાંજે જરૂરિયાત જણાતાં તેમને ઍપોલો હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# જેઈઈ માટે પહેલીથી રજિસ્ટ્રેશન

**ઉમેદવારે શૈક્ષણિક વિગતો, ફોન નંબર, ઈમેઈલ આઈડી કન્ફર્મ કરી ડોક્યુમેન્ટ ફોટો, સહી અપલોડ કરવાના રહેશે**

અમદાવાદ, તા.૩૦

એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની મહત્ત્વની ગણાતી જેઈઈ જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ મેઈનની પરીક્ષા આ વર્ષથી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા પહેલીવાર લેવામાં આવી રહી છે. જેનું રજિસ્ટ્રેશન તા.૧લી સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે. ઉમેદવારોના રજિસ્ટ્રેશનની આ પ્રક્રિયા તા.૩૦મી સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. જેઈઈની જોઈન્ટ એન્ટ્રન્સની મેઈન એકઝામ જાન્યુઆરી-૨૦૧૯માં યોજાશે. જે ૮ શિફ્ટમાં લેવાશે અને તેનું પરિણામ ફેબ્રુઆરી-૨૦૧૯માં જાહેર કરાશે. આ પરીક્ષાના માર્કથી જે વિદ્યાર્થી સંતુષ્ટ નહીં હોય કે કોઈ સંજોગોમાં ધાર્યા કરતા ઓછા માર્કસ મેળવ્યા હશે તો તે વિદ્યાર્થી બીજા તબક્કામાં યોજાનારી પરીક્ષામાં હશે તો તે વિદ્યાર્થી બીજા તબક્કામાં યોજાનારી પરીક્ષામાં એન્ટ્રી લઈ શકશે. જેઈઈનું પહેલું સત્ર તા.૬ જાન્યુઆરીથી તા.૨૦ જાન્યુઆરી સુધીનું રહેશે અને બીજું સત્ર એપ્રિલ મહિનામાં તા.૭ એપ્રિલથી તા.૨૧ એપ્રિલ વચ્ચે યોજાશે. જેઈઈ મેઈનની પરીક્ષા દરમિયાન ઉમેદવારોએ મોક ટેસ્ટની સુવિધા મળશે તેના માટે ટ્રેનિંગ સેન્ટર ખોલવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ મોક ટેસ્ટ દ્વારા તેનો લાભ લઈને અભ્યાસ કરી શકશે. ઉમેદવારે તેના પોતાના ઈ મેઈલ આઈડી, મોબાઈલ નંબર અને આધાર નંબરના ઉપયોગ સાથે તા.૧લી સપ્ટેમ્બરે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આધાર નહીં હોય તેમણે અન્ય દસ્તાવેજોનો ઉપયોગ કરવાનો રહેશે. રજિસ્ટ્રેશનમાં ઉમેદવારે વ્યક્તિગત, સંપર્ક અને શૈક્ષણિક સંબંધિત વિગતો ભરવાની રહેશે. રજિસ્ટ્રેશનના ઉમેદવારે વ્યક્તિગત, સંપર્ક અને શૈક્ષણિક સંબંધિત વિગતો ભરવા ઉપરાંત પોતાના મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈ ડી કન્ફર્મ કરવાના રહેશે. ત્યાર બાદ ઉમેદવારે ડોક્યુમેન્ટ ફોટો અને સહી અપલોડ કરવાના રહેશે.

# આજે પંચાયતમાં સમિતિઓની રચના : બળવાનો ભૂતકાળ દોહરાવાશે કે બધું સમુસુતરૂં ઉતરશે ?

**છ સભ્યો સમિતિઓમાંથી રાજીનામા આપી ચુક્યા છે : નેતાગીરી દ્વારા મોડી રાત સુધી કાર્યવાહી ચાલી : અપીલ સમિતિમાં ચેરમેનની નિમણુંક પહેલીવાર કરાય તેવા સંકેત**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી રચાયેલ ૮ સમિતિઓની આજે મળનારી પ્રથમ બેઠકમાં નવા ચેરમેનોની નિયુક્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અઢી વર્ષ પૂર્વે સમિતિઓની રચનામાં થયેલા બળવાને જોતાં કોંગ્રેસની નેતાગીરી પણ ધીમી ગતિએ આગળ વધી રહી છે.

કોંગ્રેસની નેતાગીરી માટે સમિતિઓની રચના એ શિરદર્દ બનીને ઉભરી છે. પાંચ સભ્યોએ નિમણુંકની સાથે રાજીનામા ધરી દીધા હતા તો એક મહિલા સદસ્યા જેમની ચાર સમિતિઓમાં નિમણુંક થતાં તેમણે બે સમિતિઓમાંથી રાજીનામા આપ્યા છે. મળતા નિર્દેશ મુજબ અપીલ સમિતિમાં પહેલીવાર કોઈ સભ્યને ચેરમેન બનાવવાની પણ વિચારણા ચાલી રહી છે.

મહિલા-બાળ વિકાસ સમિતિમાં નિયુક્ત થયેલા પાંચ સભ્યો પૈકી ૪ સભ્યોએ રાજીનામા ધરી દીધા છે. આથી આ સમિતિની રચનાની કાર્યવાહી ખોરવાઈ જશે તે સ્પષ્ટ બનતાં જિલ્લાની નેતાગીરી ચોંકી ઉઠી છે.

દહેગામના સભ્યોએ તેમને દર વખતે અન્યાય કરવામાં આવતો હોવાની રજુઆતો પ્રદેશ સુધી કરી ચુક્યા છે. જો કાલે તેમને કોઈ મહત્વની સમિતિમાં ચેરમેન પદ નહિ મળે તો બળવો કરતાં પણ આ સભ્યો અચકાશે નહિ તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાંથી માણસા તાલુકાને પણ અન્યાય ન થાય તે જોવા રજુઆતો કરવામાં આવી છે. જો કે જિલ્લાની નેતાગીરી પણ સભ્યોના આક્રમક મૂડને પારખી ગઈ છે અને તેથી જ આજે બપોર બાદ ખાનગી સ્થળે બેસી અને ચેરમેનોની નિયુક્તી માટેની કવાયત હાથ ધરી છે.

ચેરમેનોની નિયુક્તી સમયે જિલ્લાની નેતાગીરી પણ હાજર રહેશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત અપીલ સમિતિની રચના આમતો પ્રમુખના વડપણ હેઠળ કરાઈ છે. પ્રમુખ જે સમિતિમાં હોય તેમાં ચેરમેન નિયુક્ત કરાતા નથી તેવી પ્રણાલિ રહી છે પરંતુ આ વખતે ચેરમેન તરીકે અરવિંદસિંહ સોલંકીનું નામ સૌથી આગળ ઉભરી રહ્યું છે.

કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સમિતિઓમાં દરેક તાલુકાને સરખો ન્યાય મળે તે જોવામાં આવશે તેમજ સભ્યોની સિનીયોરીટી અને

(અનુ. સાતમા પાને)

# કુખ્યાત ભુમાફિયા પરષોત્તમદાસ ચિમનાણીને ૭ વર્ષની કેદની સજા

**ગાંધીનગરની છઠ્ઠા ચીફ જયુ મેજીસ્ટ્રેટે ભુમાફિયાઓ સામે દાખલો બેસે તેવો ચુકાદો આપ્યો**
**આરોપી જમીનોના બોગસ દસ્તાવેજો ઉભા કરી ખેડુતો સાથે છેતરપીંડી કરતો હતો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના કોટેશ્વર ગામમાં ખેતીની ૧૧ વિઘા જમીન બાબતે મરણ જનાર વ્યકિતના નામે પાવર ઓફ એટર્ની બનાવી પોતના જ નામે ગેરકાયેદેસર વેચાણ દસ્તાવેજો ઉપજાવ કાઢનાર આરોપીને ગાંધીનગરની છઠ્ઠા એ ડી ચીફ જયુ મે જી કોર્ટે સાત વર્ષની સખત કેદની સજા ભોગવવા માટે આદેશ કર્યો છે. કોર્ટે આરોપીને કસ્ટડીમાં લેવાનો આદેશ કરી ભુમાફિયાઓના કેસમાં સમાજમાં દાખલો બેસે તેવો હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના કોટેશ્વર ગામની સીમમાં રામાજી છોટાજી ઠાકોરની ખેતીની અંદાજિત ૧૧ વિઘા જમીન આ કેસના આરોપી નરોડા રોડ પ્લોટ નં -૪ નવદુર્ગા સોસાયટીમાં રહેતા પરસોત્તમદાસ છીણકુમલ ચિમનાણીએ બોગસ બનાવટી પાવર ઓફ એટર્ની આધારે પોતાના જ નામે ગેરકાયદેસર દસ્તાવેજો ઉભા કરી છીનવી લેવાનો કારસો કર્યો હતો. જયારે આ મામલે વકીલ કરણસિંહ બી વાઘેલા મારફતે રામાજીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની છઠ્ઠા એડીશ્નલ ચીફ જયુ મેજી કોર્ટમાં ચાલી જતા જજ આર ડી મહેતાએ આરોપી પરસોત્તમદાસ છીણકુમલ ચિમનાણીને ઈન્ડીયન પીનલ કોડની કલમ૪૦૬ હેઠળ ૧ વર્ષની, ૪૬૫ હેઠળ ૧ વર્ષ,૪૬૭ હેઠળ ૭ અને કલમ ૪૬૮ અને ૪૭૧ હેઠળ અઢી અઢી વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો છે. ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ ૪૬૭ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી સાત વર્ષની કેદની સજા ભોગવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા અને દંડ ન ભરે તો વધુ બે મહીનાની કેદની સજા ભોગવવા માટે આદેશ કર્યો છે. ગાંધીનગર તેમજ અમદાવાદ જિલ્લામાં ગામડાના અભણ અને કાયદાનુ જ્ઞાન ન હોય તેવા ખેડુતાને લલચાવી ફોસલાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી બોગસ દસ્તાવેજો ઉભા કરી તેનો સરકારી કચેરીઓમાં તમામ જગ્યાએ ઉપયોગ કરીનો ખેડુતોની કિંમતી જમીનો પચાવી પાડવાનો કારસો કરતા ભુમાફિયાને ગાંધીનગર કોર્ટે સજાનો આદેશ કરી સમાજમાં દાખલો બેસાડે તેવો ચુકાદો આપ્યો છે.

## બેસણું



અમારા **પિતાશ્રી વલ્લભભાઈ ખાલપભાઈ રાઠોડ**નું શ્રાવણ વદ ત્રીજને બુધવાર તા. ૨૭-૮-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું **તા. ૩૧-૮-૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્લોક નં. ૭૬/૯, 'જ' ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે રાખેલ છે.**

લી.

ગં. સ્વ. વજુબેન વી. રાઠોડ
હેમલત્તાબેન એસ. તલાવીઆ
કુંદનબેન વી. તલાવીઆ
સુરેશભાઈ વલ્લભભાઈ તલાવીઆ
ઓમ સુરેશભાઈ તલાવીઆ
મિતુલ સુરેશભાઈ તલાવીઆ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com